Paper Code – 4031

M.A. Sem – 3 PSYCOLOGY (New Course)

Mar-Jun - 2021

CC-301 Perspective on Human Behaviour (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. કયા વર્ષમાં અમેરિકન મનોવિજ્ઞાનના બે મોટા સંપ્રદાયોનો આરંભ કાર્નેલ અને શિકાગોમાં થયો.?
(A) ૧૮૯૨ (B) ૧૯૯૨ (C) ૧૯૯૮ (D) ૧૯૨૧

૨. ટીચનરે ૧૮૯૮માં તેના મનોવિજ્ઞાનને કયુ નામ આપ્યું?
(A) કાર્યવાદી (B) વર્તનવાદી (C) રચનાવાદી (D) માનવવાદી

૩. કયા અભ્યાસ લેખમાં ટીચનરે રચનાવાદી મનોવિજ્ઞાનનો વિચાર વહેતો કર્યો છે?
(A) Text book of Psychology (B) Experimental Psychology
(B) An outline of Psychology (D)The Postulates of structural Psychology

૪. ટીચનરના મતે ચેતન અનુભવના અભ્યાસના કેટલા પાંસા છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૫. ટીચનરના મતે 'છાપની પધ્ધતિ અને પ્રદર્શિત વર્તનની પધ્ધતિ શાના અભ્યાસ માટેની બે પધ્ધતિઓ છે?
(A) સંવેદન (B) પ્રતિમા (C) લાગણી (D) સમાયોજન

૬. ટીચનરે ધ્યાનની કેટલી સામાન્ય અવાસ્થાઓ ગણાવી છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૭. ટીચનરે આવેગ અનુભવમાં થતા વર્તનની તેમજ મુખ ઉપરના ફેરફારોની સમજુતી આપવા માટે તેણે કોના ત્રણ સિધ્ધાંતોનો આશ્રય લીધો છે?
(A) ડાર્વિન (B) ન્યૂટન (C) હિપોક્રેટસ (D) આઈનસ્ટાઈન

૮. રચનાવદીઓ એ અભ્યાસ પધ્ધતિ તરીકે કઈ પધ્ધતિઓનો સ્વીકાર કર્યો છે?
(A) નિરીક્ષણ અને સ્વ અહેવાલ (B) આંતર નિરીક્ષણ અને પ્રયોગ (C) પ્રશ્નાવલી અને મુલાકાત (D) સર્વે અને લાયબ્રેરી સંશોધન

૯. હાર્વર્ડ યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાાનમાં શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના સંબંધ વિશેનો સૌ પ્રથમ અભ્યાસક્રમ કોણે રજુ કર્યો હતો?
(A) વિલિયમ જેમ્સ (B) વિલ્હેમ વૂંટ (C) જહોન ડયૂઈ (D) એન્જલ

૧૦. જેમ્સે ચેતનાના કેટલા લક્ષણો ગણાવ્યા છે?
(A) પાંચ (B) છ (C) સાત (D) આઠ

૧૧. ૧૮૮૩ માં અમેરિકામાં સૌથી પહેલી વહેલી મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા કોણે સ્થાપી હતી?
(A) ટીચનર (B) વિલિયમ જેમ્સ (C) વિલ્હેમ વૂંટ (D) સ્ટેનલી હોલે

૧૨. હોલે કઈ સાલમાં અમેરિકન સાયકોલોજીકલ એસોસિયેશનની સ્થાપના કરી?
(A) ૧૮૮૫ (B) ૧૮૯૦ (C) ૧૮૯૫ (D) ૧૮૯૮

૧૩. ૧૯૫૬ માં અમેરીકન સાયકોલોજીકલ ફાઉન્ડેસનનો પ્રથમ સુવર્ણચંદ્રક કોને મળ્યો હતો?
(A) વુડવર્થ (B) સ્ટેન્લીહોલે (C) વિલિયમ જેમ્સ (D) વિલ્હેમ વૂંટ

૧૪. ૧૮૮૫માં કોના શિક્ષણક્રિયા, સાહચર્ય વિશેના પ્રાયોગિક અભ્યાસોથી સાહચર્ય વિશેના મંતવ્યમાં આમૂલ પરિવર્તન થયું?
(A) એબિંગહોસ (B) બ્રેન્ટાનો (C) સ્કીનર (D) થોર્નડાઈક

૧૫. વિચારોના સાહચર્યનો ખ્યાલ સૌપ્રથમ તેના નાટક Phaedo માં કોણે રજૂ કયો?
(A) એરિસ્ટોટલ (B) સોક્રેટીસ (C) પ્લેટો (D) મોર્ગન

૧૬. સાહચર્યવાદના મૂળ કોના Memory વિશેના નિબંધમાં જોવા મળે છે?
(A) એરિસ્ટોટલ (B) સોક્રેટીસ (C) પ્લેટો (D) મોર્ગન

૧૭. અનુંબંધવાદ (Connectionism) સાથે કોનુ નામ જોડાએલુ છે?
(A) થોર્નડાઈક (B) એરીક ફ્રોમ (C) સ્કીનર (D) પાવલોવ

૧૮. શિક્ષક્રિયાનું મનોવૈજ્ઞાનિક અર્થઘટન કરતા પરિણામનો નિયમ અને પ્રયત્નનો નિયમ કોણે આપ્યા છે?
(A) પાવલોવ (B) સ્કીનર (C) થોર્નડાઈક (D) કોહલર

૧૯. કોનો ચોથો ખ્યાલ સમતુલા(equilibrium) નો છે અને જેકેનનના શરીર સમતુલા અને ફ્રોઈડના સિધ્ધાંતને મળતો આવે છે?
(A)થોર્નડાઈક (B)પાવલોવ (C) સ્કીનર (D) કોહલર

૨૦. પાવલોવને તેના અભિસંધાન અંગેના પ્રયોગ માટે કઈ સાલમાં નોબલ પારિતોષિકનું બહુમાન મળ્યું હતુ?
(A) ૧૯૦૪ (B) ૧૯૦૫ (C) ૧૯૦૮ (D) ૧૯૧૦

૨૧. પાવલોવે મજજાતંતુકીય પ્રવૃતિઓના કેટલા પ્રકાર બતાવ્યા છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૨૨. પાવલોવે પ્રતિક્ષેપોના કેટલા પ્રકાર બતાવ્યા છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૨૩.કોઈ પણ ઉદીપક શિખ્યા વિના સ્વસંચાલિત રીતે પ્રતિક્રિયા ઉત્પન્ન કરેતો તેને શું કહેવાય?
૮બ૯ અનઅભિસંધિત ઉદીપક (B) અભિસંધિત ઉદીપક (C) અનઅભિસંધિત પ્રતિક્રિયા (D) અભિસંધિત પ્રતિક્રિયા

૨૪. નાનું બાળક તેની માતા નહિ પણ માતા જેવીજ દેખાવવાળી સ્ત્રીને જોઈ તેની જોડે જવા માટે રડે તો બાળકે શું કર્યુ કહેવાય?
(A) ઉદીપક સામાન્યીકરણ (B) ઉદીપક ભેદબોધન (C) પ્રતિક્રિયા વિલોપન (D) પ્રતિક્રિયા સ્વયંસ્ફુરણ

૨૫. પાવલોવે તની અભિસંધાન પધ્ધતિને બીજી કઈ અભિસંધાન પધ્ધતિ તરીકે ઓળખાવી છે?
(A) કારક અભિસંધાન (B) સાધનરૂપ અભિસંધાન (C) અભિજાત અભિસંધાન (D) આંતરસૂઝયુકત શિક્ષણ

૨૬. વર્તનવાદની ઘોષણા કરતો વોટસનનો પ્રથમ લેખ કઈ સાલમાં પ્રકાશિત થયો?
(A) ૧૯૧૩ (B) ૧૯૧૬ (C) ૧૯૧૮ (D) ૧૯૨૧

૨૭. વર્તનવાદની ભૂમિકામાં મુખ્યત્વે કેટલા પ્રવાહો રહેલા છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
૨૮. વોટસને પોતાના વર્તનવાદી અભિગમની સૌપ્રથમ જાહેરાત ૧૯૦૮માં કઈ યુનિવર્સિટના પ્રવચનમાં કરી હતી?
(A) યેલ યુનિવર્સિટી (B) સ્ટેનફર્ડ યુનિવર્સિટી (C) કેલિફોર્નિયા યુનિવર્સિટી (D) હાર્વડ યુનિવર્સિટી
૨૯. વોટસને ક્રિયાઓને કેટલા જૂથમાં વહેચી છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
૩૦. વોટસને વર્તનવાદના અભ્યાસ માટે કેટલી પધ્ધતિઓની ભલામણ કરી છે?
(A) ચાર (B) પાંચ (C) છ (D) સાત
૩૧. વોટસને શાબ્દીક અહેવાલ પધ્ધતિનો સ્વીકાર કર્યો છે પણ પાછલે બારણેથી
જે પધ્ધતિને દાખલ કરી છે જેની ટીકા થઈ તે કઈ પધ્ધતિ છે?
(A) મુલાકાત પધ્ધતિ (B) પ્રશ્નાવલી પધ્ધતિ
(C) સર્વે પધ્ધતિ (D) આંતરનિરીક્ષણ પધ્ધતિ
૩૨. વોટસનના સિધ્ધાંતો અને સંશોધનોના માર્ગદર્શક તરીકે કેટલા સિધ્ધાંતો રહેલા છે?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ
૩૩. વોટસનનો કયો શિષ્ય અને મજજાતંત્ર વિજ્ઞાની જેને સંન્નિષ્ઠ વર્તનવાદી કહી શકાય જેણે વસ્તુલક્ષીતાની તરફેણ કરી છે પણ આંતરનિરીક્ષણ પધ્ધતિનો વિરોધ કર્યો નથી?
(A) કાર્લ લેશ્લે (B) ડોનાલ્ડ હેબ (C) મિલર (D) ઓલપોર્ટ
૩૪. જૂથરૂપ ક્રિયાનો નિયમ અને સમશકિતવાળીના નિયમો કોણે આપ્યા છે?
(A) ડોનાલ્ડ હેબ (B) કાર્લ લેશ્લે (C) આલ્બર્ટ વિસ (D) એડવિન ગ્રથી
૩૫. Organisation of Behavior પુસ્તક કોણે લખ્યું છે?
(A) ડોનાલ્ડ હેબ (B) વોટસન (C) કાર્લ લેશ્લે (D) આલ્બર્ટ વિસ
૩૬. ડોનાલ્ડ હેબે કયા સ્ધિધાંતો આપ્યા છે?
A) જૂથરૂપ ક્રિયાનો નિયમ (B) સમશકિતવાળીનો નિયમો (C) મજજાકોષ સમુહ અને અવસ્થાઅનુક્રમનોસિધ્ધાંત (D)સાનિધ્યનો સિધ્ધાંત
૩૭. કોણે કહયું છે કે વોટસનનો વર્તનવાદ એક ધર્મનું સ્થાન લેનારો બીજો ધર્મ હતો?
(A) વુડવર્થ (B) ટીચનર (C) વુન્ટ (D) સ્કીનર
૩૮. કયો વાદ અમેરિકાની ધરતીમાજ ઉત્પન થયો અમેરિકન સંસ્કૃતિ અને મૂલ્યોનો પ્રતિબિંબ પાડતો હતો જેથી અમેરિકન બૌધ્ધિક વાતાવરણમાં સાહજિકતાથી સ્વીકારાયો?
(A) રચનાવાદ (B) કાર્યાવાદ (C) વર્તનવાદ (D) સમષ્ટિવાદ
૩૯. સાનિધ્ય અભિસંધાનનો સિધ્ધાંત કોણે આપ્યો છે?
(A) એડવિન ગ્રથી (B) સ્કીનર (C) ટોલમેન (D) કલાર્ક હલ
૪૦. કોની વિચારસરણીને મૂલગામી (radical) અનુભવવાદ તરીકે ઓળખવામાં આવે છે?
(A) સ્કીનર (B) વુડવર્થ (C) એડવિન ગ્રથી (D) ડોનાલ્ડ હેબ
૪૧. ગ્રથીએ મનોવિજ્ઞાનમાંજે ફાળો આપ્યો તેની કદર રૂપે અમેરિકન સાયકોલોજીકલ ફાઉન્ડેશને કઈ સાલમાં તેને સુવર્ણચંદ્રક આપ્યો હતો?
(A) ૧૯૫૫ (B) ૧૯૫૮ (C) ૧૯૬૦ (D) ૧૯૬૨
૪૨. વ્યાપ્તીમુલક અનુભવવાદના પ્રણેતા તરીકે કોને ગણાવી શકાય?
(A) બી.એફ.સ્કીનર (B) રઝરાન (C) ટોલમેન (D) મિલર
૪૩. ક્રિયાત્મક કારક કે સાધનરૂપ અભિસંધાન શિક્ષણના પ્રયોગો સાથે કયા મનોવૈજ્ઞાનિકનું નામ જોડાયેલ છે?
(A) પાવલોવ (B) સ્કીનર (C) થોર્નડાઈક (D) કોહલર
૪૪. કલાર્ક હલ નિગમનાત્મક અથવા ધારણા મૂલક નિગમનાત્મક પધ્ધતિ વિકસાવવામાં કોનાથી પ્રભાવીત થયેલા છે?
(A) ગેલેલિયો (B) આઈનસ્ટાઈન (C) ન્યૂટન અને યુકિલડે (D) મોર્ગન
૪૫. શિક્ષણ ક્રિયામાં ઉત્ક્રાંતિમૂલક સ્તરોના સિધ્ધાંત સાથે કયા મનોવૈજ્ઞાનિકનું નામ જોડાયેલું છે?
(A) ગ્રેગરી રઝરાન (B) થોર્નડાઈક (C) એડવિન ગ્રથી (D) જહોન ડયુઈ
૪૬. કોના મનોવિજ્ઞાનને ચેષ્ટાવાદી,પ્રેરણાવાદી કે હેતુવાદી મનોવૈજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે?
(A) વિલ્હેમ વુંટ (B) જહોન ડયુઈ (C) સ્કીનર (D) મેકડુગલ
૪૭. મેકડુગલ કોના પ્રસંસક હતા?
(A) વિલ્હેમ વુંટ (B) વિલિયમ જેમ્સ (C) ટીચનર (D)પાવલોવ
૪૮. મેકડુગલે મૂળવૃત્તિનો સિધ્ધાંત કઈ સાલમાં રજૂ કર્યો?
(A) ૧૯૦૦ (B) ૧૯૦૫ (C) ૧૯૦૮ (D) ૧૯૧૨
૪૯. મેકડુગલની વ્યાખ્યામાં મૂળવૃત્તિના કેટલા પાસા છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
૫૦. વોટસન અને મેકડુગલ બન્નેની વિચારસરણી વચ્ચેની વિવાદની ચર્ચા કયા પુસ્તકમાં કરવામાં આવી છે?
(A) The Battle of Behaviorism (B) Introduction to Social Psychology
(C) Body and Mind (D) Outline of Psychology